# ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા
## ''વિજેતા''પ્રાર્થના કેલેન્ડર - જાન્યુઆરી - ૨૦૨૪
## પો.બો.નં.૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

(૧) બુદ્ધિ :- '' જ્ઞાન વડે ઘર બંધાય છે; બુદ્ધિ વડે તે સ્થિર થાય છે. અને વિદ્યા વડે સર્વ મુલ્યવાન તથા સુખદાયક દ્રવ્યથી ઓરડાઓ ભરપૂર થાય છે.'' (નીતિ.૨૪:૩-૪) જ્યારે તમે નવા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છો ત્યારે એવા બુદ્ધિશાળી પુરુષ બનવા માટે પ્રાર્થના કરો જે તેના પરિવારના દરેક સભ્યને પ્રેમ કરે અનેતેની કિંમત સમજે અને ઈશ્વરીય ડહાપણનું ઉદાહરણ બને.

(૨) સફળતાનું સાધન :- ''જ્યાં બળદો નથી, ત્યાં ગભાણ સાફ હોય છે, પણ બળદના બળથી ઘણી નીપજ થાય છે.''(નીતિ.૧૪:૪). જીવનમાં પ્રગતિ માટે સખત મહેનત અને સંકલ્પની જરૂર છે. ઈશ્વરે જે કંઈ તમારામાં મૂક્યુ છે તેના સારા રોકાણ કરનાર બનો. તે તમારી સફળતાનું અને બીજાના માટે આશીર્વાદનું સાધન બની શકે છે.

(૩) પ્રેરિત કરનાર બાબત : હે ઈશ્વર, ક્યારેક મારું જીવન ખૂબ જ અસ્થિર અને ભવિષ્ય અનિશ્ચિત લાગે છે. એમ છતાં દાઉદ રાજાએ કહ્યું કે તેની પાસે અતૂટ સ્થિરતા છે. ખ્રિસ્તની સભાનતા સાથે જીવીને મને પણ સ્થિર કરો. મારા જીવનમાં તમારી હાજરીની સભાનતા આપો. મને તમારા પર વિશ્વાસ રાખવા માટે સક્ષમ કરો. ત્યારે જ મને સાચી સ્થિરતા મળશે. (પ્રે.કૃ.૨:૨૫)

(૪) ખરેખર મુક્ત :- વ્હાલા ઈસુ, હું પાપના બંધનમાં શેતાનનો ગુલામ હતો. હવે હું શેતાનના અધિકારમાંથી સંપૂર્ણપણે મુક્ત છું. તમે મને કેવળ શેતાનથી મુક્ત કર્યો નથી, પરંતુ તમે મને જીવનની નવીનતામાં ચાલવા માટે આત્મિક મરણમાંથી ઉઠાડ્યો છે. મને મુક્ત કરવા બદલ તમારો આભાર. (યોહાન ૮:૩૬)

(૫) આત્મિક સ્વતંત્રતા :- વ્હાલા ઈસુ, તમે મુક્તિદાતા છો. તમે મરણ, નર્ક અને કબર પર વિજય મેળવ્યો. હવે તમારો આત્મા મને મુક્ત કરવા મારામાં નિવાસ કરવા આવ્યો છે. હું મારો પ્રાણ આત્મા અને શરીર તમને આપું છું. તમે મને સ્વતંત્રતામાં ચલાવી શકો તે માટે તમારા આત્માથી ભરવા માટે તમને વિનંતી કરું છું.

(૬) ઈશ્વરનું કાર્ય કરવું :- ''ઓ ઈશ્વર, પ્રથમ તમારા નિયમોએ મને ખાત્રી કરાવી કે હું પાપી હતો અને મારો દેહ અબળ હતો. પછી, ખ્રિસ્તમાં જીવનની આત્માના નિયમે મને પાપ અને મૃત્યુના નિયમમાંથી મુક્ત કર્યો. જો હું વચન પ્રમાણે ન જીવું તો તમારું વચન સાંભળવું નિરર્થક છે. મને વચનના પાળનાર બનાવવા બદલ તમારો આભાર.''(યાકૂબ ૧:૨૫)

(૭) વસનાર આત્મા :- પ્રભુ ઈસુ તમારો આભાર કે તમે મને અશાંતિમાં છોડ્યો ન હતો. તમે આત્માથી મારી પાસે આવ્યા કે જેથી તમે સદાકાળ મારી સાથે વસી શકો. તમે મને આત્મામાં એક કર્યો જેથી આપણામાં કોઈ ભાગલા ન પડે. હું ક્યારેય એકલો નથી. તમારો આત્મા મારામાં વસે છે. તે બદલ તમારો આભાર. (યોહાન ૧૪:૧૬-૧૭)

(૮) સંગત :- ઈશ્વરનો આભાર કે તે તમને પ્રાર્થના થકી ખ્રિસ્ત સાથે નીકટ સંગત કરવા બોલાવે છે. તેમની હાજરીમાં તમે આત્મિક સામર્થ્ય મેળવો છો, અને તમે અન્ય લોકોને તેમની નજીક આમંત્રિત કરવા માટે પ્રેરણા પામો છો. (૧ કોરીંથી.૧:૯)

(૯) બદલાણ :- જ્યારે તમે ઈશ્વરની હાજરીમાં સમય ગાળો છો ત્યારે તમે ધીમેધીમે તમારા સ્વામી જેવા બનો છો. પ્રાર્થના કરો કે પવિત્ર આત્મા તમને તમારા જીવનમાં ઈસુને યોગ્ય સ્થાન અને ધ્યાન આપવા સહાય કરે. (માથ્થી ૬:૩૩)

(૧૦) મૌન ન રહો :- જ્યારે તમે તમારા જીવનમાં એક યા બીજા પ્રકારે ઈશ્વરના આશીર્વાદોનો અનુભવ કરો ત્યારે તેમના વિશે બીજાને જણાવો. તમારા જીવનમાં ઈશ્વરની દરમ્યાનગીરી બીજા લોકોને માટે પણ આશીર્વાદરૂપ બની શકે છે. (લૂક ૮:૩૯)

(૧૧) બમણો આશીર્વાદ :- ઈસુએ તમારા માટે જે કર્યું તેના કારણે ઈશ્વરે તમને બચાવ્યા તે બદલ તેમનો આભાર માનો. તમને અન્ય લોકોને ખ્રિસ્તમાં વિશ્વાસ કરવા દ્વારા અનંતજીવનનો વારસો મેળવવા માટે આમંત્રિત કરવા તમને જણાવ્યું તે બદલ પણ આભાર માનો.(લૂક ૯:૨)

(૧૨) મજબૂત બનો :- "નિમ્ન સમર્પણની સંસ્કૃતિમાં તમે સમર્પિત અને વિશ્વાસુપણામાં મજબૂત પુરુષ બનવા માટે પ્રાર્થના કરો. વચન પાલન કરો, વિશ્વાસુ અને ભરોસાપાત્ર બનો."(લૂક ૧૬:૧૦)

(૧૩) અખંડિતતા : અખંડિતતાનો અર્થ નૈતિક પ્રામાણિકતા હોઈ શકે છે. પ્રાર્થના કરો કે આપણે એવા પુરુષો બનીએ કે જેઓ જીવનમાં ખરેખર મહત્વની બાબતો પર મજબૂત પકડ ધરાવતા હોય, આપણા પરિવાર મંડળી સાથેના સંબંધમાં આ મૂલ્યો પ્રમાણે જીવનારા હોય. (નીતિ.૧૧:૩)

(૧૪) પ્રમાણિકતા : પ્રમાણિકતા એ એક ગુણ છે જે ઈશ્વર અને અન્ય લોકો માટે ઉચ્ચ મૂલ્ય ધરાવે છે. પુરુષો માટે પ્રાર્થના કરો કે તેઓ સત્ય બોલવામાં અસંતુષ્ટ બને, નાની બાબતોને લંબાવે નહિ, પણ પ્રેમમાં સત્ય બોલવાનું શીખવા માટે પણ તૈયાર હોય. (એફેસી.૪:૧૫)

(૧૫) વિશ્વાસુપણું :- વિશ્વાસુપણું એ આત્માના ફળનો એક ભાગ છે. પ્રાર્થના કરીએ કે પુરુષો તરીકે આપણે આપણા જીવનમાં ખ્રિસ્તના કાર્યને દર્શાવવા માટે ઈરાદાપૂર્વક અને નિયમિતપણે પવિત્રઆત્મા દ્વારા નિયંત્રિત થવાનો પ્રયત્ન કરીશું. (એફેસી.૫:૧૮)

(૧૬) ચિંતા :- "કશાની ચિંતા ન કરો; પણ દરેક બાબતમાં પ્રાર્થના તથા વિનંતીઓ વડે આભારસ્તુતિ સહિત તમારી અરજો દેવને જણાવો"(ફિલિપી ૪:૬). જો આપણે આપણી ચિંતાઓ ઈશ્વરને જણાવીએ તો તે પૂરતું છે. આપણે ચિંતા કરવાની નથી, પરંતુ સાચા જવાબ માટે તેમના પર વિશ્વાસ કરી શકીએ છીએ અને આપણી જરૂરિયાતોની કાળજી લેવા બદલ તેમનો આભાર માનવાનું શરૂ કરી શકીએ છીએ.

(૧૭) પુનઃસ્થાપના :- "તે મારા આત્માને તાજો કરે છે." (ગી.શા.૨૩:૩અ) જો આપણે ઈશ્વરને આપણા આત્માને તાજગી પમાડવા ન દઈએ તો તે આપણા માટે અસહ્ય બની જાય છે. પ્રથમ તે આપણને આશીર્વાદ આપવા માગે છે. જેથી આપણે બીજાને પણ આપી શકીએ. હે પુરુષો, પુનઃસ્થાપિત થવા તૈયાર રહો !

(૧૮) માર્ગદર્શન :- ''પોતાના નામની ખાતર તે મને ન્યાયીપણાને માર્ગે ચલાવે છે.'' (ગી.શા.૨૩ઃ૩બ) ઈશ્વર પાસે આપણ સર્વ માટે અજોડ અને અદ્‌ભૂત યોજના છે. જેમ જેમ આપણે તેમની દોરવણી પર આધાર રાખીશું તેમ તેમ આપણે દરેક દિવસે સલામત અને આશા સાથે ચાલી શકીશું.

(૧૯) કારભારીઓ :- ખ્રિસ્તીઓ તરીકે આપણે સમજીએ છીએ કે કંઈપણ આપણું નથી. ઘર, કાર,મિલકત,મારું શરીર-બધું ઈશ્વરની ભેટ છે અને આપણને સોંપ્યું છે. આપણે તેનો આનંદ માણી શકીએ છીએ, ઉપયોગ કરી શકીએ છીએ. એ જ તેમના આશીર્વાદો વધારવાનો ઈશ્વરનો માર્ગ છે. (ઉત્પત્તિ ૧૨ઃ૨)

(૨૦) એકતા :- ''એ સારુ માણસ પોતાનાં માબાપને છોડીને, પોતાની પત્નીને વળગી રહેશે, અને તેઓ એક દેહ થશે. ''(ઉત્પત્તિ ૨ઃ૨૪) ઈશ્વરે આપણને પુરુષ અને સ્ત્રી તરીકે ઉત્પન્ન કર્યા છે જેથી બંને નવી એકતામાં બંધાય. ઈશ્વર પોતે આ કરારમાં ત્રીજી વ્યક્તિ બનવા ઇચ્છે છે જેથી આપણને સાચી એકતાનો અનુભવ કરવા સહાય કરે.

(૨૧) સંપૂર્ણ અધિકાર :- ''હે યહોવા, મોટાઈ, પરાક્રમ, ગૌરવ, જય તથા પ્રતાપ તારાં છે; કેમકે આકાશમાં તથા પૃથ્વીમાં જે કંઈ છે તે સર્વ તારું છે. હે યહોવા રાજ્ય તારું છે, ને સર્વોપરી અધિકાર પણ તારો છે.''(૧ કાળ.૨૯ઃ૧૧) આવો, સાચી નમ્રતા અને આરાધનાસહિત ઈશ્વરની સેવાને સમર્પિત પુરુષો બનીએ.

(૨૨) સાચું સામર્થ્ય :- ''કેમકે દેવે આપણને ભયનો આત્મા નહિ, પણ સામર્થ્યનો તથા પ્રેમનો તથા સાવધ બુદ્ધિનો આત્મા આપ્યો છે.''(૨ તિમોથી ૧ઃ૭) પુરુષો લાભ મેળવવાના ડરથી બળપૂર્વક તેમની માન્યતાઓને અનુસરવાના પરીક્ષણમાં પડે છે. બીકનો સામનો કરો. ઈશ્વરને તમારા ધ્યેયો જાણવા દો અને તેમના આત્માને તમને પ્રેમ અને તેમના સામર્થ્યમાં કાર્ય કરવા સમર્થ બનાવવા દો.

(૨૩) અગ્રિમતાઓ :- ''તારું બહારનું કામ તૈયાર રાખ, તારા ખેતરનું કામ તૈયાર કર, અને ત્યારપછી તારું ઘર બાંધ.'' (નીતિ.૨૪ઃ૨૭) કુદરત આપણને જણાવે છે કે આપણી પાસે ખર્ચ કરવા માટે સંપત્તિ હોય તે પહેલાં, આપણે કામ કરવાની અને કમાવાની જરૂર છે. તમારી અગ્રિમતાઓ પસંદ કરવામાં દૂરંદેશી બનો અને મૂર્ખ રોકાણ કરવાની બાબતોનો સામનો કરો.

(૨૪) સંતોષ :- ''હું તંગાશને લીધે બોલું છું એમ નહિ, કેમકે જે અવસ્થામાં હું છું, તેમાં સંતોષથી રહેવાને હું શીખ્યો છું.''(ફિલીપી ૪ઃ૧૧). બાઈબલનાં મૂલ્યો અને ઈશ્વરીય પ્રેરણા આપણને ક્ષણિક સંતોષની લાલચમાંથી છોડાવે છે. ઈશ્વરની શાળામાં શીખનાર બનવા માટે પ્રાર્થના કરો અને તમારા હૃદયમાં તેમના ખજાનાને સંઘરી રાખો. તેનાથી સાચો સંતોષ મળશે.

(૨૫) સંપત્તિનું સંચાલન :- ''શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર, તું થોડામાં વિશ્વાસુ માલૂમ પડ્યો છે, હું તને ઘણા પર ઠરાવીશ : તું તારા પ્રભુના આનંદમાં પેસ.''(માથ્થી ૨૫ઃ૨૧) આપણા જીવનનું સંચાલન કેવી રીતે કર્યું તેનો અંતિમ શબ્દ અને મૂલ્યાંકન ઈશ્વર પાસે છે. આપણે જે રીતે આપણો સમય અને સંપત્તિનું સંચાલન કરીએ છીએ તે થકી ઈશ્વરને આજે માન આપીએ.

(૨૬) સર્વશક્તિમાન :- આપણા ઈશ્વરના સાર્વભૌમત્વ, સામર્થ્ય અને અનંતકાળિક ડહાપણની આરાધના, ભક્તિ કરવી એ આપણી પ્રાર્થનાનો ભાગ હોવો જોઈએ. સૌથી કપરા સમય અને સંજોગોમાં પણ તમામ અધિકાર તેમના હાથમાં છે. ''છાના રહો, નિશ્ચે જાણો કે હું દેવ છું.'' (ગી.શા.૪૬:૧૦)

(૨૭) સંવેદનશીલ :- ''હે યહોવા, મારી કસોટી કરીને મારી પરીક્ષા કર; મારા અંતઃકરણ તથા હૈયાને કસી જો.'' (ગી.શા.૨૬:૨) કઠણ હૃદય ઘણું નુકસાન પહોંચાડે છે. અને ઘરની અંદર અને બહાર તણાવ પેદા કરે છે. આવો, ઈશ્વરને આપણા હૃદયને તપાસવા દઈએ. પવિત્ર આત્મા પ્રત્યે સંવેદનશીલ બનો, થયેલાં પાપનો પસ્તાવો કરવા હંમેશા તૈયાર રહો અને ઈશ્વરની સાથે ચાલવા માટે મક્કમ રહો.

(૨૮) પુનઃસ્થાપન : ખ્રિસ્તીઓને તણાવ, નફરત અને સંઘર્ષમય દુનિયામાં પરિવર્તન લાવવા તેડવામાં આવ્યા છે. મંડળીમાં અને ખ્રિસ્તી પરિવારમાં ભાવનાત્મક અને આત્મિક પુનઃસ્થાપના થાય માટે પ્રાર્થના કરો. ''દેવની કૃપા....આપણને એવું શિક્ષણ આપે છે કે અધર્મ તથા વિષયવાસનાનો ત્યાગ કરીને હાલના જમાનામાં ઠાવકાઈથી પ્રામાણિકપણે તથા ભક્તિભાવ રાખીને વર્તવું.'' (તિતસ ૨:૧૧,૧૨)

(૨૯) મધ્યસ્થી :- ''હવે સહુથી પ્રથમ હું એવો બોધ કરું છું કે વિનંતી, પ્રાર્થના, આજીજી તથા આભારસ્તુતિ સર્વ માટે કરવામાં આવે.''(૧ તિમોથી ૨:૧) દરેકની ઈચ્છા શાંતિ અને સલામતીની છે. હે ઈશ્વર, અમારા કુટુંબ, અધિકારીઓ, અમારા શહેર, રાજ્ય અને દેશ વતી મધ્યસ્થી કરતાં અમને શીખવો. દરેક ક્ષેત્રોમાં તમને પ્રભુઓના પ્રભુ તરીકે બધા ઓળખે એવી અમારી વિનંતી છે.

(૩૦) મંડળી :- ''હવે, હે પ્રભુ, તું તેઓની ધમકીઓ ધ્યાનમાં લે, અને તારા સેવકોને તારી વાત પૂરેપૂરી હિંમતથી કહેવાનું સામર્થ્ય આપ.''(પ્રે.કૃ.૪:૨૯) હે પ્રભુ ઈસુ, તમે તમારી મંડળીને જગતમાં સુવાર્તા લઈ જવાનું કાર્ય સોંપ્યું છે. અમે પવિત્ર આત્માને પોકારીએ છીએ કે તેઓ તેમના લોકોને સામર્થ્ય આપે કે તેઓ તેમની આસપાસ સ્પષ્ટ અને દૃઢ રીતે સાક્ષી આપે.

(૩૧) સમૃદ્ધિ :- ''તું તારે હાથે મહેનત કરીને ખાશે; તું સુખી થશે, અને તારું કલ્યાણ થશે.''(ગી.શા.૧૨૮:૨) જેઓ કામધંધો શોધી રહ્યા છે તેઓ માટે પ્રાર્થના કરીએ. જેઓ નોકરી કરી રહ્યા છે તેઓ માટે પણ પ્રાર્થના કરીએ કે તેમના વહીવટમાં ડહાપણ અને સમજણ મેળવે.


ટ્રાન્સ વર્લ્ડ રેડિયો - ઈન્ડિયા

પો.બો.નં.૨૦૩૬, ફતેહગંજ, વડોદરા - ૩૯૦૦૦૨

**M.No.:9327621391**

**Free MP3 download : radio882.cpm, twr media app**

**FB : https://www.facebook.com/twrgujarati/**

**Youtube : youtube.com/c/twrindiagujarati**

**Gujarati Internet FM Radio TWR : http://Radio882.com/fmgujarati**

**Gujarati TV Program : Gujarat First Channel, Time :06:30 to 07:00 (Morning) (Monday to Saturday)**